જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૯/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૨૮૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૩ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૨૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૨૮૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડી:– **સમાચાર યાદી નં.૧૨૮૨/૨૦૨૬**

ખાડીયા: દુદારામ ગજારામ પ્રજાપતી (ઉ.વ.૪૩) (રહે. શામલજી થાવરની પોળ સાંકળી શેરી માણેકચોક) એ તા.૧૨/૦૯/૨૦૨૬ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૬ થી તા.૧૬/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ દુદારામ પ્રજાપતીના બેંક ઓફ બરોડાના ક્રેડીટ કાર્ડ માંથી અલગ–અલગ ટ્રાન્ઝેકશનથી કુલ રૂપિયા ૪૪,૪૨૬/–તથા બીજુ પ્રાયમરી ક્રેડીટ કાર્ડ બારોબાર ઈસ્યુ કરાવી મેળવી રૂપિયા ૫૫૫૦/– ટ્રાન્સફર કરાવી કુલ રૂપિયા ૪૯,૯૮૭/– મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એમ.લગારીયા ચલાવે છે.

રામોલ: પિયુષકુમાર ખુશાલદાસ ખત્રી (ઉ.વ.૬૦) (રહે. શ્રીનંદ સીટી–૦૪ બરોડા એક્સપ્રેસ હાઈ–વે ન્યુ મણીનગર રામોલ) એ તા.૧૨/૦૯/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૯/૨૦૨૬ ના રોજ અજાણી વ્યક્તિએ પિયુષકુમાર ખત્રી નાઓને વોટસએપમાં અદાણી ગેસની એપીકે ફાઇલ મોકલી ડાઉનલોડ કરાવી પિયુષકુમાર ખત્રી નાઓનો ફોન હેક કરી બેન્ક ખાતામાંથી પિયુષકુમાર ખત્રીના તથા તેમના પત્નીના બેન્ક ખાતામાંથી ઓનલાઈન માધ્યમથી કુલ રૂપિયા ૨,૯૭,૯૯૬/– મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.આર.ચૌધરી ચલાવે છે.

ચોરી:– **સમાચાર યાદી નં.૧૨૮૩/૨૦૨૬**

કાલુપુર: મઘારામ લીચમનરામ શર્મા (ઉ.વ.૩૮) (રહે. ન્યુ શુકુન એપાર્ટમેન્ટ મુક્તિમેદાન મણિનગર) એ તા.૧૨/૦૯/૨૦૨૬ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મઘારામ શર્મા નાઓ કાલુપુર રેલવે સ્ટેશન સામે લોઢાવાલા ચેમ્બર "કે. માંગીલાલ પાર્સલ સર્વિસ" નામની પેઢી ઘરાવી ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા હોય જેમાં નોકરી કરતા યશવીર રામાઅવતાર પરમાર તથા દલવીર રામાઅવતાર પરમાર (મુળ વતન. ગામ–હસનપુરા બસઈ તા–ખીરોલી જી–આગ્રા ઉત્તરપ્રદેશ) નાઓએ ભેગા મળી તા.૦૭/૦૯/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ થી ૦૪/૪૫ વાગ્યા દરમ્યાન મઘારામ શર્માની ઓફીસના ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૪૫,૨૯,૯૧૦/– ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશવાહા ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૨૮૪/૨૦૨૬**

સાબરમતીઃ ડિમ્પલબહેન વા/ઓ દિનેશભાઈ શાહ (ઉ.વ.૪૯) (રહે. જી–૨૦૪ આર્યમાન ફલેટ આર્યવીલાની બાજુમા આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ સાબરમતી) નાઓ તા.૧૧/૦૯/૨૦૨૬ કલાક ૦૬/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી ન્યુ રાણીપ આર્યવીલા ફલેટ ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ડિમ્પલબહેનના ગળામાંથી સોનાના મણકા વાળી પેડલ સહીત સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ડિમ્પલબહેન શાહ એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

સેટેલાઈટઃ મીતા અમરીશકુમાર ઓઝા (ઉ.વ.૭૨) (રહે. આકાર કો.ઓ.સોસાયટી સ્ટાર બજારની ગલીમા જય માર્ટ પાછળ સેટેલાઈટ) નાઓ તા.૦૬/૦૯/૨૦૨૬ સવારના ૦૮/૪૫ વાગ્યાના સુમારે સેટેલાઈટ અવની બંગલો ગેટ નં–૧ રણુજાનગર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ મીતા ઓઝાના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સહીત કિમત રૂપિયા ૪,૨૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મીતા ઓઝા એ તા.૧૨/૦૯/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.એસ.ચુડાસમા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૮૫/૨૦૨૬**

મણીનગરઃ મણિનગર ભૈરવનાથ સન ઈલાઈટ કન્ટ્રકશન સાઈટ ખાતે મજુરી કામ કરતા સુનિલભાઈ મીનામા (મુળ વતન. દાહોદ) નાઓની પાંચ વર્ષની પુત્રી તા.૧૨/૦૯/૨૦૨૬ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે રમતા–રમતા કન્ટ્રકશન સાઈટના ત્રીજા માળના મકાનની બારીમાંથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું નિપજયું હતું.આ અંગે મણીનગર પોલીસે અક્સ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૮૬/૨૦૨૬**

સાબરમતીઃ જીતેન્દ્રસિંહ સ/ઓ દેશરાજસિંહ રાજપુત (ઉ.વ.૩૮) (રહે. બ્લોક નં–૨૧ પહેલો માળ ગુજરાત હાઉસીંગ બોર્ડ દિગ્વીજયનગર સિમેન્ટ ફેકટરી પાસે કાળીગામ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૬ સાંજના ૦૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઈ મંગળભાઈ ચલાવે છે.

ગોમતીપુરઃ પંકજ કેશવલાલ ચાવડા (ઉ.વ.૪૨) (રહે. શેઠ કોઠાવાળા વોરાની ચાલી ઝુલતા મિનારા ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૯/૨૦૨૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડની એંગલ સાથે ખાટલાની પાટી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીક્ષીતકુમાર જીતેન્દ્રભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી